## પ્રાર્થના

મારા પ્રભુજી નાના છે
દુનિયા ભરના રાજા છે
આભે ચઢીને ઉભા છે
સાગર જળમાં સૂતાછે
જમુના કિનારે ઊભા છે
મીઠી બંસરી બજાવે છે
પગમાં ઝાંઝર પહેર્યા છે.
રૂમઝૂમ રૂમઝૂમ નાચે છે.
સાંજ પડે ઘરે આવે છે.
જશોદાને પાયે લાગે છે.

## પ્રાર્થના

મંદિર તારૂ વિશ્વ રૂપાળું
સુંદર સર્જન હારા રે
પળપળ તારા દર્શન થાયે
દેખે દેખન હારા રે..........મંદિર તારૂ......
નહિંપુજારી નહીં કોઇ દેવા
નહિં મંદિરને તાળા રે.
નીલ ગગનમાં મહિમા ગાતા
ચાંદો સૂરજ તારા રે........મંદિર તારૂ......
વર્ણન કરતાં શોભા તારી
થાક્યા કવિગણ સારા રે
મંદિરમાં તું ક્યાં છુપાયો
શોધે બાળક તારા રે.......મંદિર તારૂ......

## પ્રાર્થના

પ્રભુ નમીએ પુરી પ્રિતે સુખી કરતું દુ;ખો હરતું
બનાવી તે બધી દુનિયા બનાવ્યા તે ઉંડા દરિયા
સુરજને ચંદ્ર જગમગિયા સુખી કરતું દુ;ખો હરતું

વળી આકાશમાં તારા ઘણાં જ ઉંચે જ ફરનારા
કર્યા છે તે પ્રભુ પ્યારા સુખી કરતું દુ;ખો હરતું
જગત આખા ઉપર તારી નજર ફરતી રહે ન્યારી

અમારા કામ જોનારા સુખી કરતું દુ;ખો હરતું
બધો એ પાપ બાળી દે વળી બુધ્ધિ રૂપારી દે
નમીએ હાથ જોડીને, સુખી કરતું દુ;ખો હરતું

## ભજન

તું છે સર્જન હાર ગણેશજી....

તું છે સર્જન હાર ગણેશજી....
બાળક ગાતાં સર્વે તારા
તું છે પાલનહાર ગણેશજી....
તું છે પાલનહાર ગણેશજી....
આદિ અનાદી એકજ તું છે.
લીલા અપરંપાર ગણેશજી
લીલા અપરંપાર ગણેશજી......તું છે.....
જળ ચેતન ને અણું એ અણુંમાં
આત્માનો ઉધ્ધાર ગણેશજી
આત્માનો ઉધ્ધાર ગણેશજી
ભવટકીમાં ભટક તારી
તું છે પાલનહાર ગણેશજી

## ભજન

તારી એક એક પળ સવા લાખની
તૂં તો માળારે જપીલે રાધા શ્યામની
સાથે લાવ્યા શું લઇ જશો.
ખાલી આવ્યા ખાલી જશો
જીવન ધન્ય બનાવો ભક્તિ ભાવથી....... તૂં તો.....
જૂઠા જગના જૂઠા ખેલ
મનમાં મારૂ તારૂ મેલ
તૂં તો છોડી દેને ચિંતા આખા જગની. તૂં તો.......
તમે રંગીલા રણછોડ
મારા ચીતડાના ચોર
મેંતો મૂર્તિ જોઇ છે રાધા શ્યામની. તૂં તો.......

## ભજન

ક્યાંરે વસે તુલસી ને ક્યાંરે વસે રામ
ક્યાંરે વસે મારા શ્રીભગવાન
બારણે વસે તુલસીને ઘરમાં વસે રામ
ગોકુળમાં વસે મારા શ્રીભગવાન
શુંરે જમે તુલસીને શુંરે જમે રામ
શુંરે જમે મારા શ્રીભગવાન
દૂધ જમે તુલસીને દહીં જમે રામ
માખણ જમે મારા શ્રીભગવાન
શુંરે પહેરે તુલસી ને શુંરે પહેરે રામ
શુંરે પહેરે મારા શ્રીભગવાન
હાર પહેરે તુલસી ને માળા પહેરે રામ
મુંગટ પહેરે મારા શ્રીભગવાન
ક્યાંરે વસે તુલસી ને ક્યાંરે વસે રામ

## ભજન

કભી રામ બનકે કભી શ્યામ બનકે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ રામ રૂપમેં આના
સીતા સાથ લેકે ધનુષ હાથ લેકે
ચલે આના પ્રભુજી ચલે આના.....કભી......
તુમ શ્યામ રૂપમેં આના
રાધા સાથ લેકે મુરલી હાથ લેકે
ચલે આના પ્રભુજી ચલે આના
તુમ શિવ રૂપમે આના
પાર્વતી સાથ લેકે ડમરૂ હાથ લેકે
ચલે આના પ્રભુજી ચલે આના.....કભી......
તુમ ગણપતિ રૂપમે આના
રિધ્ધી સાથ લેકે સિધ્ધી સાથ લેકે
ચલે આના પ્રભુજી ચલે આના.....કભી......

## ભજન

એવી છે કુદરતની કળા
અણધાર્યું તે આગળ થાય
રાજા દશરથ એના મનમાં વિચારે
વહેલી સવારે રામને ગાદીએ બેસાડું
વહેલી સવારે રામ વનવાસ જાય.......અણધાર્યું તે....
અભિમાન્યુ એના મનમાં વિચારે
સાતે કોઠા મારે જીતી લેવા છે.
સાતમે કોઠે વાલો રણમાં રોળાઇ......અણધાર્યું તે....
રાજા રાવણતો અતિ મહા બળિયો
સીતા માતાનું હરણ કરી ગયો
સોનાની લંકામાં લાગીછે આગ.......અણધાર્યું તે.....

## ભજન

અમે તમારા દર્શને આવ્યા મહાદેવજી
પાણી લાવ્યા પાણી નથી ચોખ્ખું મહાદેવજી
પાણી ને તો માછલીએ અભડાવ્યા મહાદેવજી.......અમે તમારા......
ફૂલ લાવ્યા ફૂલ નથી ચોખ્ખાં મહાદેવજી
ફૂલ ને તો ભમરાએ અભડાવ્યા મહાદેવજી.......અમે તમારા......
દૂધ લાવ્યા દૂધ નથી ચોખ્ખું મહાદેવજી
દૂધ ને તો વાછલડે અભડાવ્યું મહાદેવજી.......અમે તમારા......
ચોખા લાવ્યા ચોખા નથી ચોખ્ખા મહાદેવજી
ચોખા ને તો ઇયળે અભડાવ્યા મહાદેવજી.......અમે તમારા......

## ભજન

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ પ્રભુ એવું માગુંરે
રહે જનમો જનમ તારો સાથ પ્રભુ એવું માગુંરે......ભક્તિ.......
તારું મુંખડું મનોહર જોયા કરું
રાત દિવસ ભજન તારું બોલ્યા કરું
શ્વાસે શ્વાસે રટું તારુંનામ પ્રભુ એવું માગુંરે.....ભક્તિ.......
મારી આશા નિરાશા કરશો નહીં
મારા અવગુણ હૈયા માં ધરશો નહીં
રહે અંત સમયે તારું ધ્યાન પ્રભુ એવું માગુંરે......ભક્તિ....
મારા પાપને શ્રાપ સમાવી દેજો
તારા ભક્તો ને દાસ બનાવી દેજો
દેજો આવીને દર્શન દાન પ્રભુ એવું માગુંરે......ભક્તિ......

## ભજન

છોટી છોટી ગૈયા છોટે છોટે ગ્વાલ
છોટો સો મેરો મદન ગોપાલ.....છોટી છોટી....
આગે આગે ગૈયા પીછે પીછે ગ્વાલ
બીચમેં મેરો મદન ગોપાલ.....છોટી છોટી....
કાલી કાલી ગૈયા ગોરે ગોરે ગ્વાલ
શ્યામવર્ણ મેરો મદન ગોપાલ.....છોટી છોટી....
ઘાસ ખાએ ગૈયા દૂધ પીએ ગ્વાલ
માખણ ખાએ મેરો મદન ગોપાલ.....છોટી છોટી....
છોટી છોટી સખીયા મધુવન માય
રાસ રમાડે મેરો મદન ગોપાલ.....છોટી છોટી....

## ભજન

નૈયા ઝુકાવી મેંતો જો જે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો જો જે રે બુઝાયે ના
સ્વાર્થનું સંગીત ચારે કોરે બાજે
કોઇ નથીરે કોઇનું આ દુનિયામાં આજે
તનનો તંબુરો જો જે બેસૂરો થાયના..... ઝાંખો ઝાંખો.......
પાપ અને પુણ્યના ભેદ રે ભૂલાતા
રાગ અને દ્વેષ આજે ઘટ ઘટ ઘૂટાતા
જો જો આ જીવતરમાં ઝેર પ્રસરાયના..... ઝાંખો ઝાંખો.......
શ્રધ્ધાના દીવડાને જલતોજ રાખજે
નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે
મનના મંદિરે જો જે અંધારુ થાયના..... ઝાંખો ઝાંખો.......
નૈયા ઝુકાવી મેંતો જો જે ડૂબી જાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો જો જે રે બુઝાયે ના

## પ્રાર્થના

ઓ કરૂણાના કરનારા
        તારી કરૂણાનો કોઇ પાર નથી
હો સંકટના હરનારા
        તારી કરૂણાનો કોઇ પાર નથી
મે પાપ કર્યા છે એવા
        હું ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોને ભૂલનારા
        તારી કરૂણાનો કોઇ પાર નથી
ઓ પરમ કૃપાળુ વ્હાલા
        મે પીધા વિષના પ્યાલા
મારું વિષ અમૃત કરનારા
        તારી કરૂણાનો કોઇ પાર નથી
હું અંતરમાં થઇ રાજી
        ખેલ્યો છું અવળી બાજી
અવળી સવળી કરનારા
        તારી કરૂણાનો કોઇ પાર નથી

## ભજન

હરી ૐ    હરી ૐ....... સાંઇ ૐ    સાંઇ ૐ.......
હરી ૐ    હરી ૐ....... સાંઇ ૐ    સાંઇ ૐ.......
    ચંદન કા તૂને તિલક લગાયા
    પાની સે તૂને દિપક જલાયા
દૂર સે દેખા તો દિપક જલા થા.  આ. આ. આ.
દૂર સે દેખા તો દિપક જલા થા……..

વો તો અપના સાંઇબાબા થા
શિરડી કે બાબા સાંઇ રે
અંધે કો તૂને ચલના શિખાયા
બૂઢે કો તૂને જિના શિખાયા
દૂર સે દેખાતો પથ્થર પડા થા. આ. આ. આ.
દૂર સે દેખાતો પથ્થર પડા થા.........
વો તો અપના સાંઇબાબા થા
શિરડી કે બાબા સાંઇ રે..... મૂઝે અપના રૂપ
ગોકૂળ ભી દેખા મથૂરા ભી દેખા
શિરડી ન દેખી તો ક્યા તૂને દેખા
દૂર દેખા તો પથ્થર પડા થા. આ. આ. આ.
દૂર દેખા તો પથ્થર પડા થા............
વો તો અપના સાંઇબાબા થા
શિરડી કે બાબા સાંઇ રે
હરી ૐ હરી ૐ....... સાંઇ ૐ સાંઇ ૐ......
હરી ૐ હરી ૐ....... સાંઇ ૐ સાંઇ ૐ......

## ભજન

રાધા ઢૂંઢ રહી કિસીને મેરા શ્યામ દેખા
સબસે પૂછ રહી કિસીની મેરા શ્યામ દેખા
રાધા તેરા શ્યામ મૈને મથુરા મૈ દેખા
ગૈયા ચરાતે હૂયે ઓ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી.....................
રાધા તેરા શ્યામ મૈને ગોકુલ મેં દેખા
માખણ ચૂરાતે હુયે ઓ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી.....................
રાધા તેરા શ્યામ મૈને વૃદાવન મૈ દેખા
રાસ રચાતે હુયે ઓ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી.....................
રાધા તેરા શ્યામ મૈને જેતપૂર મૈ દેખા
પર્વત ઉઠાતે હૂયે ઓ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી.....................
રાધા તેરા શ્યામ મૈને તેરે દિલ મે દેખા
રાધા રાધા જપતે હૂયે ઓ રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂઢ રહી કિસીને મેરા શ્યામ દેખા
સબસે પૂછ રહી કિસીને મેરા શ્યામ દેખા

# પ્રાર્થના

અમે નાના નાના બાળ સહુ ભગવાનના
અમે હસતા રમતાં ગાતાં ગીતો તાનમાં
અમે નાના નાના.............
રોજ સવારે સ્નાન કરીને
માતા-પિતાને નમન કરીને
ગુરુ ચરણોમાં આવતા
અમે નાના નાના............
સરસ્વતીનું મંદિર આ છે.
સુંદર રૂડા ફુલ ખિલ્યા છે.
ફુલડા રૂડા બાગના
અમે નાના નાના.............
આવ્યા અહિંયા એકજ આશે
વિદ્યા દેવી તારી પાસે
દેજો વિદ્યા દાનમાં
અમે નાના નાના.............

## ભજન

વાતો કરીએ મારા રામની રે
બીજી વાતો ના કરીએ
ધ્યાન ધરીએ મારા રામનું રે
બીજું ધ્યાન ના ધરીયે
બાળપણ બાળપણ માં ઘણાં ફેર છે રે
એનું બાળપણ વખાણીએ
બાળપણમાં પ્રહલાદે રામ ભજ્યા રે
એના ગુણલા ગવાય છે......વાતો કરીએ.......
યુવાની યુવાની માં ઘણા ફેર છે રે
એની યુવાની વખાણી એ
યુવાની માં મીરાબાઇ એ ઝેર પીધારે
એના ગુણલા ગવાય છે......વાતો કરીએ.......
ઘડપણ ઘડપણ માં ઘણા ફેર છે રે
એનું ઘડપણ વખાણી એ
ઘડપણ માં શબરીબાઇ એ રામ ભજ્યા રે
એના ગુણલા ગવાય છે......વાતો કરીએ.......

## પ્રાર્થના

તુમ્હી હો માતા પિતા તુમ્હી હો
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો સાથી તુમ્હી સહારે
કોઇના અપના સિવા તુમ્હારે
તુમ્હી હો નૈયા તુમ્હી ખવૈયા
તુમ્હી હો બંધુ.......સખા......
જો ખીલ શકે ના વો ફૂલ હમ હૈ
તુમ્હારે ચરણો કી ધૂલ હમ હૈ
દયા કી દ્રષ્ટિ સદાયે રખના
તુમ્હી હો બંધુ સખા તુમ્હી હો
તુમ્હી હો માતા................